# અનન્ય ભક્તિભાવ, નિ:સીમ શ્રદ્ધાથી મૂર્તિનું દર્શન

ધર્મ દર્શન
બાળકૃષ્ણ વડનેરે

સોમવાર ૧૫ મી જૂન ૨૦૨૬ સોમવતી અમાસ, પ્રભુ ભજન, પૂજન, અર્ચન અને દાનપુણ્ય માટે ઉત્તમ દિવસ છે અને પુરુષોત્તમ માસ સમાપ્ત થાય છે. મંગળવાર ૧૬મી જૂનથી નિજ જેઠ સુદ પક્ષ પ્રારંભ થાય છે. શ્રી વિષ્ણુ ભગવાને વરદાન આપેલો અધિક માસ પુરુષોત્તમ માસ નિ:સ્વાર્થ ભાવે ભક્તિ અને નિયમ પાળનારા માટે અમૂલ્ય પ્રસાદી આપનારો મહત્ શક્તિશાળી અને ભક્તોની ઈચ્છા પૂર્ણ કરનારો દિવ્ય મહિનો છે જેના અનેક પરચાઓ મળ્યા છે. અંતમાં એક સવિશેષ નિ:સીમ શ્રદ્ધાથી નિયમ પાળનારા એક આસ્તિક સનાતની સાધકની વાત કરવા માટે આજે સત્ય અને સિદ્ધ વાત લખું છું.

આચાર્ય શ્રીરામ ગોસ્વામી શુદ્ધ સાત્ત્વિક મનોવૃત્તિવાળા શ્રીરામાયણ અને શ્રી મહાભારત ગ્રંથના પ્રસિદ્ધ પ્રવચનકાર હતા અને સાધકોને સરળ ભાષામાં પ્રભુભક્તિ કરવાના ઉપાયોનું સૂચન કરતા હતા. પદ્મપુરાણમાં વર્ણિત પુરુષોત્તમ અધિક માસનું મહત્ત્વ અને મહિમામાં સાત્ત્વિક અને શ્રદ્ધાના નિયમો રાખીને પ્રભુભક્તિ કરવાથી અલૌકિક ફાયદો અને સમાધાન પ્રાપ્ત થાય છે એવું વર્ણન સાંભળીને એક યુવાને પ્રવચન પછી શ્રી આચાર્યજીને પ્રશ્ન કર્યો ‘‘હે આચાર્ય ! આપનું મંગલમય પ્રવચન સાંભળીને હું મુગ્ધ બન્યો છું. હું પ્રભુભક્તિ કરવા ઈચ્છુક છું પણ મારી પાસે પૈસાની અછત છે. સમય પણ ઓછો છે. પ્રભુને અર્પણ કરવા માટે દરદાગીના -વસ્ત્રો કે અન્ય વસ્તુઓ નથી પણ મારે પ્રભુને મેળવવા છે તો કોઈ સરસ યોગ્ય ઉપાયનું સૂચન કરો.’’

આચાર્યજીએ ગીતાના નવમા અધ્યાયનો ૨૬મો શ્લોક ગાઈને સંભળાવ્યો. “પત્રં પુષ્પં ફલં તોયં યો મે ભક્ત્યા પ્રયચ્છતિ તદહં ભક્ત્યુપહૃતમ શ્રામિ પ્રયતાત્મન: ॥૨૬॥ અર્થ - જે કોઈ ભક્ત મને પ્રેમથી પર્ણ, ફૂલ, જલ, ફળ નિ:સ્વાર્થ ભાવથી અર્પણ કરે છે તે બધી જ વસ્તુ હું સગુણ રૂપમાં પ્રગટ થઈને આનંદી થઈને ખાઉં છું અને આચાર્ય બોલ્યા, ‘‘દેવ, દેવતા, દેવીઓના ફક્ત દર્શન નિ:સ્વાર્થ ભાવે લેવાથી દેવતા જોડે સંધાન બંધાઈ જાય છે અને પ્રભુ ભક્તની રાહ જુએ છે. યુવાન આચાર્યજીની વાતથી આનંદી બની ગયો.  ત્રણ વર્ષ પછી આવનારો પુરુષોત્તમ અધિક જેઠ માસ બીજા દિવસથી પ્રારંભ થવાનો હતો અને યુવાન એના ઘર પાસેના શ્રી ભદ્રકાલી માતાના મંદિરે ગયો. દેવી માતાના દર્શન કર્યા અને બોલ્યો હે મા ભદ્રકાલી આવનાર પુરુષોત્તમ માસમાં હું રોજ તમારા દર્શને આવીશ. ભક્તિભાવથી અને નિ:સીમ શ્રદ્ધાથી આપનું દર્શન કરીશ અને મારો આ નિયમ આજીવન ચાલુ રાખીશ.

“અરે તું ! તારી રાહ તો માતાજી સ્વયં કરી રહ્યાં છે. અરે ભાઈ મને આજ્ઞા થઈ મંદિરનું બારણું ખોલવાની. જા જલ્દી જા માતાના દર્શન કરી લે. યુવાન માતાજી સામે અત્યંત ભક્તિભાવથી જોતો દર્શન કરતો હતો. તેની આંખોમાંથી અશ્રુધારા વહેતી હતી અને યુવાન જોતો હતો પ્રત્યક્ષ ભદ્રકાલીને”

યુવાન રોજ જ સમય મળે ત્યારે ભદ્રકાલી માતાના દર્શને આવવા લાગ્યો. તેનો નિયમ જોઈને દેવીના ઉપાસક પૂજારી પણ આનંદી બન્યા. યુવાન દેવી માતાના દર્શન કરીને તૃપ્ત થતો હતો.

પુરુષોત્તમ માસ પૂર્ણ થવામાં બે દિવસ બાકી હતા. તેણે બોર્ડની પરીક્ષા આપી હતી. ઘરની બાજુમાં રહેનારા ગરીબ માજીની કન્યાને પ્રસૂતિ વેદના શરૂ થઈ, માજીએ યુવાનને સ્કૂટર પર કન્યાને દવાખાને લઈ જવાની વિનંતી કરી પણ કન્યાની અવસ્થા જોઈને યુવાને રિક્ષા બોલાવીને કન્યાને સરકારી દવાખાને લઈ ગયો. કન્યાને પ્રસૂતિ થઈ પણ બાળક બહુ જ અશક્ત હતું. તેને પેટીમાં મૂકવાની વ્યવસ્થા કરી. સંપૂર્ણ દિવસ તે કન્યાની સારવાર કરવામાં અને વ્યવસ્થામાં વીતી ગયો. શ્રી ભદ્રકાલી માતાના દર્શન માટે જવાનો સમય જ ન મળ્યો, યુવાન મનમાં ને મનમાં શ્રી ભદ્રકાલીને પ્રાર્થના કરતો હતો પણ પેલી નિરાધાર કન્યા અને તેના અપક્વ બાળકને છોડીને જવાનું એના માટે અશક્ય હતું. રાત પડી, અંધારું થયું. લગભગ રાતના બાર વાગી ગયા હતા. યુવાને નોકરી પરની નર્સને વિનંતી કરી કે હું ઘરે જઈને વાત કરી આવું તમે મને સંમતિ આપો અને બેનબા પર અને બાળક પર ધ્યાન આપો અને યુવાન દવાખાનેથી નીકળી ગયો સીધો મા ભદ્રકાલી માતાના મંદિર તરફ.

રાત્રે મંદિર બંધ થઈ ગયું. પૂજારી સૂઈ ગયા પણ પૂજારીજીના સ્વપ્નમાં કોઈએ આજ્ઞા કરી ઊઠો પેલો સાધક આવ્યો છે, દરવાજો ખોલો. પૂજારીજી



ઊઠે છે અને દરવાજો ખોલે છે તો બહાર યુવાન ઊભો છે, પૂજારીજી આશ્ચર્ય પામ્યા અને બોલ્યા અરે તું ! તારી રાહ તો માતાજી સ્વયં કરી રહ્યાં છે. અરે ભાઈ મને આજ્ઞા થઈ મંદિરનું બારણું ખોલવાની. જા જલ્દી જા માતાના દર્શન કરી લે. યુવાન માતાજી સામે અત્યંત ભક્તિભાવથી જોતો દર્શન કરતો હતો. તેની આંખોમાંથી અશ્રુધારા વહેતી હતી અને યુવાન જોતો હતો પ્રત્યક્ષ ભદ્રકાલીને.

# ગોપી ગીત

પંચામૃત
નીલાક્ષી પરીખ

મિત્રો, આપણે પ્રેમની તદાકાર અવસ્થાનું દર્શન કર્યું. કૃષ્ણને ભજતાં-ભજતાં કૃષ્ણનું સૌંદર્ય આપણને ચૈતન્ય મહાપ્રભુમાં દેખાય છે. આપણે જે દેવની ઉપાસના કરીએ એમના ગુણો આપણામાં આવશે. કૃષ્ણને ભજવાથી કૃષ્ણના ગુણ આવે, રામજીને ભજીએ તો રામજીના ગુણ આવે, દેવીમાને ભજીશું તો દેવીમાના ગુણ આવશે. એવું કહેવાય છે કે- રામકૃષ્ણ પરમહંસ દેવ હનુમાનજીની આરાધના કરી રહ્યા હતા ત્યારે હનુમાનજીને ભજતા એટલા તો એકાકાર થઈ ગયા કે રામકૃષ્ણ પરમહંસને હનુમાનજીની જેમ પૂંછડી ઊગવા માંડી! તો રાધા કૃષ્ણ બની ગઈ અને કૃષ્ણ રાધા બની ગયા. ગોપીઓએ ભૂલ સુધારી કે હે પ્રાણનાથ! અમારા પ્રાણ આપનામાં જ લાગ્યા છે. અમને બચાવી લો. અમે આપને કામ આવીશું, દર્શન આપી બચાવી લો. કોઈ સંતે કહ્યું- દાસ મટીને માલિક થવું હોય તો કહો ‘તું મારો’ પણ દાસ રહેવું હોય તો પ્રભુને કહો- ‘નાથ તવાહમ કૃષ્ણ તવાઽસ્મિ’’ જુઓ, સમુદ્રનાં મોજાં હોય, મોજાંનો સમુદ્ર ન હોય. ગોપીઓ કહે- હે પ્રાણનાથ! અમે તમારાં છીએ અને તમારું જ ચિંતન કરીએ છીએ. ગોપીગીતમાં ગોપીઓ કૃષ્ણનું નામ લઈને કંઈ કહેતી નથી. ‘જયતિ તે અધિક’ એટલે કે તમારાથી, તારાથી. આખા ગોપીગીતમાં ક્યાંય કૃષ્ણનું નામ નથી જેનામાં અતિ પ્રેમ હોય તેનું નામ નથી લેતાં આપણે. પત્ની, પતિનું નામ નથી લેતી. નામને બદલે સર્વનામ વાપરે. જેમ કે ‘ઈ ઘરમાં નથી’ શું નામ લે તો પાપ લાગે? ના, પણ પ્રેમની પરાકાષ્ઠા જ્યાં હોય ત્યાં નામ નથી લેવાતું. કથામાં ક્યાંય ગોપીઓ તાળી પાડતી કે કૃષ્ણધૂન કરતી જોઈ? ગોકુળમાં હાથમાં કરતાલ લઈ કૃષ્ણની ધૂન લેતી ગોપીઓની કથા નથી ભ્રમર ગીતમાં પણ નામ લીધા વગર કૃષ્ણની વાત કરે છે. શું એ અમને કદી યાદ કરે છે? હે ભ્રમર! બતાવ એ અમને ભૂલી ગયા છે? નિયમ છે- ‘નામ માત્રનો નાશ છે’ કોઈ નથી ઈચ્છતું એનું નામ લઈએ ને નાશ થાય એટલે પત્ની પતિનું અને પતિ પત્નીનું નામ ન લે. સુંદર ભાવ છે.

“અમને જો મારવા જ હતા તો બચાવ્યા શું કામ? આ તડપનની વાત છે. તે અમને તારા ગણ્યા તેથી જ અમારી રક્ષા કરી ને? તો હવે તું અમને ઠુકરાવે એ કેમ ચાલે? અમે જાણીએ છીએ કે કોણ છો તમે?”

**‘શરદુધરાયે સાધુજાતસત્ સરસિજોદર શ્રી મુષા દશા**
**સુરત નાથ તેઽશુલ્કદાસિકા વરદ નિધ્નતો નેહ કિં વધ:**

ગોપીઓનો દાસ્યભાવ તો જુઓ! કહે છે- ‘હે અમારા પ્રેમપૂર્ણ હૃદયના સ્વામી! અમે તમારી નિ:શુલ્ક (તુચ્છ) દાસીઓ છીએ. અમારા મનોરથ પૂર્ણ કરનારા હે પ્રાણેશ્વર! શસ્ત્રથી મારવું એ વધ ગણાય તો શું કોઈને નેત્રથી મારવું એ વધ ન કહેવાય? શરદઋતુમાં સ્વચ્છ સરોવરના જળમાં ખીલેલાં કમળ સમાન નેત્રવાલે હે કમલનયન! જ્યારે આપ અમને જુઓ છો ત્યારે એ નેત્રોથી અમે ઘાયલ થઈએ છીએ. તમારી દૃષ્ટિ અમને વીંધી નાંખે છે. શું એ વધ નથી? આપ પ્રેમથી અનુરાગપૂર્ણ દૃષ્ટિથી જુઓ છો તો એ દૃષ્ટિ અમને ઘાયલ કરે છે. કવિ સતારશા કહે છે-

‘શબ્દોનાં બાણ માર્યાં છે આરપાર દિલમાં,
વાહ રે શિકારી મારો કીધો શિકાર દિલમાં,
દિલ એક છે ને શસ્ત્રો લીધાં જુદાં જુદાં તે.
બરછી અસિ ને બાણો ખંજર કટાર દિલમાં,
ઘાયલ કરી કાં છોડે કર કત્લ યાર મુઝને,
જખ્મી બન્યો છું. દુખડા છે પારાવાર દિલમાં’

તારી બાંકી ચિતવનથી, નેત્રોથી અમને ઘાયલ કરે છે તારી મધુર મૂર્તિ, મુરલી, વાણીથી અમે ઘાયલ થયા. તું શિકારી છે. તો વલ્લભાચાર્ય કહે છે- ‘મધુરાધિપતે અખિલં મધુરં’ પહેલા તો પ્રેમ જતાવ્યો હવે વિરહમાં અમને કેમ મારો? મહાપ્રભુજીએ બ્રહ્મ સંબંધનો અર્થ જ આ બતાવ્યો છે. ‘હે કૃષ્ણ! હું તારાથી વિખૂટો પડેલો જીવ છું. તારા વિયોગનો તાપ થવો જોઈએ એ મને થતો નથી’ માણસ પૈસાના વિયોગમાં રડે, પત્નીના વિયોગમાં દુ:ખી થાય, સંતાન ન હોય તો રડે, સત્તા માટે રડે, પણ ભગવાનનો વિયોગ કેટલાંને રડાવે? પરમાત્મા સદૈવ પ્રાપ્ત જ છે. એને પ્રાપ્ત કરવાની કોશિશ કરવી પડતી નથી જે પ્રાપ્ત જ છે એને ઓળખવાની કોશિશ કરવી પડે. પણ એને ઓળખી કોણ શકે? જે સતત પ્રભુના સંયોગનો અનુભવ કરે એવા મહાત્માઓની આ વાત છે. પ્રભુ સદૈવ, સર્વદા, સર્વત્ર પ્રાપ્ત જ છે પણ આપણે એના અભાવને મહેસૂસ કરી શક્યા નથી. આ વિયોગનો તાપ જે થવું જોઈએ એ જેને થયું



નથી એવો હું જીવ, સંસારમાં ફસાયેલો, મારા પુત્ર, પરિવાર, દેહ, ગેહ, અંત:કરણના ધર્મો, આ બધા સહિત હે કૃષ્ણ! હું તમારે ચરણે સમર્પિત છું. હે કૃષ્ણ! હું તારો છું.’ આદ્ય શંકરાચાર્યનો ભાવ પણ કંઈ આવો જ છે. એક શ્લોકમાં કહે છે- ‘હે નાથ! એ સત્ય છે કે તું અને હું જુદા નથી આપણે એક જ છીએ. છતાં થોડા દેહભાવથી, જીવભાવથી વિચાર કરું છું તો નાથ હું તારો છું. આપ મારા નથી. સમુદ્રનાં મોજાંઓ હોય છે, મોજાંઓનો સમુદ્ર નથી હોતો.’’ બીજી ગોપી કહે છે- ‘‘ હે પુરુષ શિરોમણી! યમુનાજીના વિષમુક્ત જળથી થનાર મૃત્યુથી, વર્ષા, વીજળી, કાલિયવિષ, દાવાગ્નિ અનેક અસુરોથી અમને બચાવ્યા. ભયજનક પરિસ્થિતિમાં અવારનવાર આપે અમારી રક્ષા કરી! અમને જો મારવા જ હતા તો બચાવ્યા શું કામ? આ તડપનની વાત છે. તે અમને તારા ગણ્યા તેથી જ અમારી રક્ષા કરી ને? તો હવે તું અમને ઠુકરાવે એ કેમ ચાલે? અમે જાણીએ છીએ કે કોણ છો તમે? તમે કૃપા નહીં કરો તો લોકોને જાણ કરી દઈશું કે આપ યશોદાના પુત્ર જ નથી.

પૂ. રમેશભાઈ ઓઝા (પૂ. ભાઈશ્રી) ના સત્સંગને આધારે)